| | |
|---|---|
| દાખલ તારીખ. | 01–06–2023 |
| રજીસ્ટરે લીધા તારીખ. | 01–06–2023 |
| ફેંસલ તારીખ. | 10–09–2025 |
| સમય ગાળો. | વર્ષ : માસ : દિવસ. 02 : 03 : 09 |

૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦

**સુરતના નવમાં અધિક જયુ. મેજી. ફસ્ટ કલાસશ્રીની કોર્ટ,**

**મુ. સુરત.**

**(શ્રી કાજલ રાજેશ ચાંદ, નવમાં અધિક જયુડી. મેજી. ફ.ક., સુરત. )**

૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦

**ફોજદારી કેસ નં.૫૯૭૭૭/૨૦૨૩.**

આંકઃ–22

**ફરિયાદીઃ–** સરકારશ્રી

**વિરૂધ્ધ**

**આરોપીઓઃ–(૧) ઈન્દર કાલુરામ પુરોહિત ઉ.વ.૩૦**

રહે– ફલેટ નં.૪૦૧,બિલ્ડીંગ નં.સી.,સુડા સહકાર

રેસીડેન્સી,કુંભરીયા દેવધરોડ,ગોડાદરા,સુરત.

ગુન્હોઃ–**ઈ.પી.કો. કલમ–૫૦૦ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૮ ની કલમ–૬૬(સી),૬૬(ઈ),૬૭ મુજબ.....**

*******************************************
// ફરિયાદ પક્ષ તરફે વિ. એ. પી.પી.શ્રી જે.ડી.પટેલ //
// આરોપીઓ તર્ફે વિ. વકીલ શ્રી વરૂણ બી.પાટીલ//
*******************************************

**// ચુ કા દો //**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કેઃ–

આ કામના આરોપી નો ફરીયાદી સાથે પ્રેમસંબંધ હોય જે કારણોસર ફરીયાદીએ આરોપીને પોતાની સાથે લગ્ન કરવા સારૂ જણાવતા આરોપીને ફરીયાદીને લગ્ન કરવાનો ઈન્કાર કરી દીધેલ જેથી ફરીયાદીએ આરોપી સાથે સંપર્ક કરવાનુ છોડી દીધેલ તેમ છતા આ કામના આરોપીએ ફરીયાદીના નામથી "rashmi_saho123" અને "pooja_vaghasiya1212"ના નામથી ફેક ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. બનાવી તેમાં ફરીયાદીના ફોટા અને બિભત્સ વિડીઓ પોતાના મોબાઈલ ફોન દ્રારા અપલોડ કરી, ફરીયાદીના પતિને મેસેજ કરી બદનામ કરવાનો ગુન્હો કરેલાનું એકંદરે થયેલ તપાસ પરથી પુરવાર થતુ હોય જેથી, આ કામે પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધ **ઈ.પી.કો. કલમ–૫૦૦ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૮ ની કલમ–૬૬(સી),૬૬(ઈ),૬૭ મુજબ** ના શિક્ષાનેપાત્ર ઉપરોકત ગુનાનું આંક–૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે. ત્યારબાદ આરોપીઓને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવતા અને આરોપીઓને હુકમ મુજબ સમન્સ કરતા, આરોપીઓ અદાલત સમક્ષ તેમના વકીલશ્રી મારફત હાજર થતાં, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે આરોપીઓને તેઓની સામેના પોલીસ કેસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૦૪ થી આરોપીઓ વિરૂદ્ધ તહોમતનામુ ફરમાવવામાં આવેલ.

આરોપીઓએ તેઓની વિરૂદ્ધનો ગુનો કબુલ ન હોઈ અને ટ્રાયલ ચલાવવા માંગણી કરતાં, આરોપીઓનું આંક–૦૪ થી તોહમતનામું ઘડીને તથા આરોપીઓ વિરૂદ્ધ ફરમાવેલ તહોમત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષના પુરાવા ઉપર કેસ રાખવામાં આવેલ.

(૨) ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી સેજલ વિવેક પટેલ ની જુબાની | ૧૮ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૯ |
| ૨. | પંચનામું | ૨૦ |
| ૩. | કલોજીંગ પુરશીસ | ૨૧ |

(૩) ફરીયાદ પક્ષના ઉપરોક્ત પુરાવાને અંતે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો જણાઇ આવતો ન હોઇ આરોપીઓનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૪) આ કામે બંને પક્ષના વિ.વકીલ શ્રીની લંબાણપુર્વકની દલીલો સાંભળી. બંને પક્ષના વિ.વકીલશ્રીઓની દલીલો મારી ચર્ચામાં વણી લીધેલ હોઈ તેનો અલગથી ઉલ્લેખ કરેલ નથી.

(૫) ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવા તથા બંને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની મૌખિક દલીલો ધ્યાને લેતાં, આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## // મુદ્દાઓ //

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નો ફરીયાદી સાથે પ્રેમસંબંધ હોય જે કારણોસર ફરીયાદીએ આરોપીને પોતાની સાથે લગ્ન કરવા સારૂ જણાવતા આરોપીને ફરીયાદીને લગ્ન કરવાનો ઈન્કાર કરી દીધેલ જેથી ફરીયાદીએ આરોપી સાથે સંપર્ક કરવાનુ છોડી દીધેલ તેમ છતા આ કામના આરોપીએ ફરીયાદીના નામથી "rashmi_saho123" અને "pooja_vaghasiya1212"ના નામથી ફેક ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. બનાવી તેમાં ફરીયાદીના ફોટા અને બિભત્સ વિડીઓ પોતાના મોબાઈલ ફોન દ્વારા અપલોડ કરી, ફરીયાદીના પતિને મેસેજ કરી બદનામ કરવાનો ગુન્હો કરેલાનું એકંદરે થયેલ તપાસ પરથી પુરવાર થતુ હોય જેથી, આ કામે પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધ **ઈ.પી.કો. કલમ–૫૦૦ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૮ ની કલમ–૬૬(સી), ૬૬(ઈ), ૬૭ મુજબ** નો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે. ?

(૨) શું અંતિમ હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## // કા ર ણો //

**મુદ્દા નં. ૧ અને ૨–**

(૭) આ તબક્કે રેકર્ડ ઉપર આવેલ પુરાવાનુ વિષ્લેષણ કરતાં પહેલાં ક્રીમીનલ જ્યુરીસપ્રુડન્સના સિધ્ધાત મુજબ તેમજ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ પણ સામાન્ય રીતે પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર હોય છે અને તે કયારે આરોપી ઉપર શીફ્ટ થાય નહી. ફરીયાદપક્ષ દ્ધારા તો આરોપીને તકસીરવાન ઠરાવવા માટે શંકારહીત અને મજબુત પુરાવો જ રજુ કરવો જોઈએ. આરોપીના નબળા બચાવનો લાભ ફરીયાદ પક્ષને મળે નહી.વધુમાં ફોજદારી કેસમાં અનુમાન કે અટકળના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેમજ શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે કાયદાકીય પુરાવાનુ સ્થાન ક્યારેય લઈ શકે નહી. વધુમાં ફોજદારી કેસમાં રેકર્ડ પર પડેલ પુરાવાના અંતે જ્યારે બે અલગ અલગ વ્યુ(અભિપ્રાય) એટલે કે એક કે જે આરોપીને સજા કરવાનો બનતો હોય અને બીજો આરોપીની નિર્દોષતાનો અભિપ્રાય બનતો હોય તેવા સંજોગોમાં આરોપીની તરફેણનો એટલે કે આરોપીની નિર્દોષતા તરફ દોરી જતો અભિપ્રાય અદાલતે અપનાવવો જોઈએ.

(૧૦) આમ, ઉપરોક્ત બંને સિધ્ધાંતોને નજર સમક્ષ રાખીને હાથ ઉપરના કેસની ચર્ચા કરવામાં આવે તો આરોપી વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમત પુરવાર કરવા ફરીયાદ પક્ષ તર્ફે આંક–૧૮ થી ફરીયાદી સેજલ વિવેક પટેલ ને તપાસવામાં આવેલ છે. સદરહું સાહેદની જુબાની જોવામાં આવે તો ફરીયાદીએ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે. હુ મારા અંગત વપરાશ માટે એપલ કંપીનીનો આઈફોન વાપરતી હતી.,જેના દ્ધારા ઈન્સ્ટાગ્રામ,સ્નેપચેટ,વોટ્સએપ વિગેરે એપ્લીકેશનોનો ઉપયોગ કરતી હતી. અને મારુ ઈન્સ્ટાગ્રામ આઈ.ડી siya _tiwari_47 નામથી બનાવેલ હતુ,જેનો ઉપયોગ હું કરતી હતી. બનાવ સને–૨૦૨૩ માં બનેલો, બનાવના દિવસે હું મારા પિતાના ઘરે હાજર હતી. તે સમયે

મારા પતિ વિવેક પટેલે મને ફોન કરી જણાવેલ કે, તારો પ્રોફાઇલ ફોટાથી કોઇ વ્યકિતએ તારા નામે ફેક આઇ.ડી બનાવી તરા ફોટો તેમજ ગંદા વિડીઓ અપલોડ કરેલ છે. તેમ જણાવતા મેં મારી બેનના ફોનમાંથી તે આઇ.ડી જોતા મને મારો ફોટો તેમજ વિડીઓ દેખાયેલો,જેથી ગોડાદરા પોલસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે.જે હું ઓળખુ છુ જેને રજુ દાખલ આંક–૧૯ આપવામાં આવે છે.

આ સિવાય અન્ય કોઇ હકીકત જણાવેલ ન હોય સદર ફરીયાદીને હોસ્ટાઇલ જાહેર કર્યા બાદ એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ–તપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

આરોપીના વિ.વ.શ્રીની ઉલટ તપાસમાં ફરીયાદી એ હકીકત સ્વીકાર કરેલ છે કે, હું ગુજરાતની રહેવાસી નથી. હું મારો પર્સનલ મોબાઇલ ફોન વાપરતી નથી. હું રાશમી કે પુજા નામ ધરાવતી નથી. મેં પોલીસને કોઇ ફોટો કે વિડીઓ આપેલ નથી. બનાવ સમયે મારા અને મારા પતિ વચ્ચે તકરાર ચાલતી હતી. મેં મારા પતિના કહેવાથી ફરીયાદ કરેલ.

આમ, ફરીયાદીની જુબાનીને સમગ્રરીતે જોવામાં આવે તો ફરીયાદીનો ઇન્સ્ટાગ્રામ પર ફેક આઇ.ડી બનાવી તેમાં ફરીયાદીના ફોટા અને ગંદા વિડીઓ અપલોડ આ કામના આરોપીઓ જ કરેલ હોવાની હકીકત તેમની જુબાનીમાંથી જણાઇ આવતી નથી. એટલુ જ નહી આ કામના આરોપીઓને ગુન્હા સાથે સાંકળતો અન્ય કોઇ સ્વતંત્ર પુરાવો આ કામે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદ પક્ષ તર્ફે મુદ્દામાલ રીકવર કર્યા અંગેનુ પંચનામુ શંકાથી પર પુરવાર કરવામાં આવેલ નથી. ટુંકમાં એવુ કહી શકાય કે ક્રીમીનલ જ્યુરીસપ્રુડન્સના સિધ્ધાત મુજબ ફરીયાદ પક્ષે આરોપી વિરૂધ્ધ નિઃશંકપણે પોતાનો કેસ પુરવાર કરવાનો હોય છે, જે કેસ ફરીયાદ પક્ષે હાલના કેસમાં પુરવાર કરેલ નથી. આમ, હાલના કેસમાં આરોપીઓને ગુન્હા સાથે સાંકળતો લેશમાત્ર પુરાવો જણાઇ આવતો નથી. આમ, ફરીયાદ પક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ પુરાવો આરોપીઓને ગુન્હા સાથે સાંકળવા માટે પુરતો અને વિશ્વાસપ્રેરક નથી તેવુ આ અદાલતનુ માનવુ છે. જેથી આરોપીઓને ગુન્હા સાથે સાંકળીને સજા કરી શકાય

નહી. જેથી આ કેસના નિર્ણય અને નિકાલ માટે ઉપસ્થિત થયેલ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## ◀ આ ખ રી હુ ક મ ▶

(૧) ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે આ કામના આરોપીઓને **ઇ.પી.કો. કલમ–૫૦૦ તથા ઇન્ફોર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૮ ની કલમ–૬૬(સી),૬૬(ઇ),૬૭ મુજબ** ના શિક્ષાનેપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી આથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ અંગે અગાઉ જો કોઈ અગાઉ હુકમ કરવામા આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા મુદ્દામાલ અંગે તેના માલીકીની ખરાઈ કરી તેના માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીઓએ **રૂ.૫,૦૦૦( અંકે રૂપિયા પાંચ હજાર પુરા)** ના જામીન આપવા, આરોપીઓ જામીન રજુ કરવામાં કસુર કરે તો આરોપીઓના જુના જામીનખત અપીલ સમય સુધી અથવા ૬(છ) માસ સુધી ચાલુ રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.10–09–2025ના રોજ ખુલ્લી અદાલતમાં લખી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ – 10/09/2025
સ્થળ –સુરત.

**(કાજલ આર. ચાંદ)**
નવમાં અધિક જ્યુડી. મેજી. ફસ્ટ કલાસ,
સુરત.
જજ કોડ નં. જીજે ૦૧૭૬૭.